જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૯/૦૯/૨૦૧૭ શનિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :- સમાચાર યાદી નં.૧૮૧૯/૧૭

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ૨૭ કેસ કરી, ૨૪ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ૬૬ બોટલ ઇંગ્લીશ દારૂ, ૨૫૩ બીયરટીન, ૦૨ સ્કુટર, ૦૧ મોટર સાયકલ અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૧ કેસ કરી, ૦૩ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૪૦૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- સમાચાર યાદી નં.૧૮૨૦/૧૭

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૪૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી ૯૩ મુજબ ૦૭ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૩ વ્યક્તિની અટકાયત કરી હતી.

**મૃત હાલતમાં નવજાત શીશુ મળી આવ્યુ:- સમાચાર યાદી નં.૧૮૨૧/૧૭**

રીવરફ્રન્ટ વેસ્ટ : તા.૮/૯/૧૭ નાં કલાક ૧૦/૩૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે રિવરફ્રંટ પુર્વ છેડે સપ્તર્ષીના આરા પાસે વોક-વે ઘાટ નં-૧૪ પાસે કોઇ અજાણી સ્ત્રી એ પોતાના બાળકના જન્મને છુપાવવાના બદઇરાદે એકાદ માસના મૃત શીશુનેસાબરમતી નદીમાં ત્યજી દિધેલ હોઇ, રીવરફ્રન્ટ વેસ્ટ પોલીસે અજાણી સ્ત્રી વિરૂધ્ધ ગુનો નોંધી, આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**વિશ્વાસઘાત અને છેતરપીંડી :- સમાચાર યાદી નં.૧૮૨૨/૧૭**

**નિકોલ :** મધુબેન તે રસીકલાલ પટેલની વિધવા પત્નિ (ઉ.વ.૬૪)(રહે,ચૌરા પાસે, ગામઃ ભુવાલડી, તા:દશ્ક્રોઈ જી.અમદાવાદ) એ નિકોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૭ નાં ૧૦/૦૦ થી ૧૧/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન શુકન ચાર રસ્તા થી મનમોહનચાર રસ્તા સુધીની ઓટોરીક્ષાની મુસાફરી દરમ્યાન રીક્ષા ચાલક અને રીક્ષામાં બેસેલ બે અજાણ્યા છોકરા (૨૦ થી ૩૫ વર્ષના આશરાનાં) મધુબેન ને વિશ્વાસમાં લઈ, તેમને રૂપિયા ૫૦૦/- ના દર નું બંડલ આપી, મધુબેનનાં હાથમાં પહેરેલ બે સોનાની બંગડી કિંમત રૂપિયા ૪૮,૦૦૦/- મતાની લઈ જઈ બદલામાં સ્ટીલની બંગડી પરત આપી તેમેજ પૈસા પણ નહીં આપી, મધુબેન સાથે વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાનીતપાસ મ.સ.ઇ.શ્રી હરનામસિંહ છોટેસિંહ ચલાવે છે.

**ઘરફોડ ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૩/૧૭**

**ઘાટલોડીયા :** ડાહ્યાભાઇ ગોપાલદાસ પટેલ (રહે,ચંદ્રમુખી સોસાયટી, દિવ્યપથ સ્કુલની પાછળ મેમનગર તળાવ પાસે મેમનગર) એ ઘાટલોડીયા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૭/૯/૧૭ રાતનાં ૧૧/૪૫ થી તા.૮/૯/૧૭ સવારનાં ૫/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના ઘરમાં રસોડાના દરવાજાનું તાળુ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ડાયનીંગ ટેબલ ઉપર મુકેલ રાડો કંપનીની જેન્ટસ ઘડીયાળ કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- તથા બીજી એક ફૌસીલ કંપનીની જેન્ટસ ઘડીયાળ કિંમત રૂપિયા ૧૦,૦૦૦/- મત્તાની તથા પાકીટમાં મુકેલ રોકડા રૂપિયા ૫૦,૦૦૦/- મળી કુલ રૂપીયા ૧,૬૦,૦૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **બી.ડી.વાઘેલા** ચલાવે છે.

**ચોરીઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૪/૧૭**

**ઇસનપુર :** ભુરૂભા ઉદેસિંહ વાઘેલા (ઉ.વ.૮૦)(રહે,અશોક ટેનામેન્ટ કેડીલા લેબોરેટરી સામે, ઘોડાસર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૮/૯/૧૭ બપોરનાં ૨/૦૦ થી ૩/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના ખુલ્લા ઘરમાં અજાણી વ્યક્તિ પ્રવેશ કરી, ભુરૂભાની દિકરીના થેલામાં પર્સમાં મુકેલ સોનાના દાગીના (૧) સોનાનુ મંગળ સુત્ર કિંમત રૂપિયા ૭૫,૦૦૦/- (૨) સોનાની બુટ્ટી કિંમત રૂપિયા ૨૫,૦૦૦/- (૩) સોનાની કાનની સેર નંગ-૨ કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૪) સોનાથી મઢાવેલ ચુડો કિંમત રૂપિયા ૧૨,૦૦૦/- (૫) સોનાની વીટીં નંગ-૫ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- (૬) સોનાના નાકના દાણા નંગ-૩ કિંમત રૂપિયા ૫,૦૦૦/- તથા રોકડા રૂપિયા ૬,૧૦૦/- મળી કુલ રૂપિયા ૧,૬૫,૧૦૦/- મત્તાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી **એમ.ડી.પંચાલ** ચલાવે છે.

**વસ્ત્રાપુર :** સાધનાબેન વા/ઓ પ્રભાતકુમાર દત્તા (ઉ.વ.૬૫)(રહે,હીલદર્શન બંગલોઝ સાલ હોસ્પિટલની સામે થલતેજ) એ તા.૮/૯/૧૭ નારોજ વસ્ત્રાપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૧૩/૭/૧૭ થી તા.૨૭/૮/૧૭ સુધીનાં સમયગાળા દરમ્યાન સાધનાબેન પોતાના દીકરા પાસે હોંગકોંગ ગયેલ તે દરમ્યાન તેમનાં ઘરે કામ કરવા આવતી બેન ફાલ્ગુની(જેના પુરા નામ-સરનામાની ખબર નથી તે) એ કુલ રૂપિયા ૯૦,૦૦૦/- ની મતાના કપડાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી એમ.એ.વાઘેલા ચલાવે છે.

**આત્મહત્યાઃ-** **સમાચાર યાદી નં.૧૮૨૫/૧૭**

**ગોમતીપુર :** પ્રવીણભાઇ ડાહ્યાભાઇ મકવાણા (રહે,હીરાલાલ ની ચાલી, પેપળાવાળી લાઇન, મહાકાળી મંદીર સામે, રાજપુર ગોમતીપુર) એ કોઇ અગમ્ય કારણસર તા.૮/૯/૧૭ નાં કલાક ૭/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે પોતાના ઘરે લોખંડની પાઇપ સાથે પ્લાસ્ટીક દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી લીધી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી ચંદુભાઇ હરજીભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,<br>
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.<br>
પોલીસ કમિશનર વતી.